# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૮૭
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

ખંભાત નગરપાલિકા ચાલુ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબના ગ્રેડેશનમાં પગાર તથા ૨૦૩ ટકા લેખે મોંઘવારી ભથ્થુ આપવામાં આવે છે તે મુજબ ખંભાત નગરપાલિકાના પેન્શન કર્મચારીઓને તેજ ધોરણે છઠ્ઠા પગાર પંચનો પગાર તથા નિયમ મુજબ મળવા પાત્ર મોંઘવારી ભથ્થુ આપવા ઠરાવવામાં આવે છે. સદર બાબત જનરલ બોર્ડ ઠરાવ નંબર.૦૨૪ તારીખ.૩૧–૦૧–૨૦૨૩ થી દર્શાવવામાં આવેલ છે. જેની નીચે મુજબ સ્પષ્ટતા આપવામાં આવે છે.

ખંભાત નગરપાલિકાના ચાલુ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબના ગ્રેડેશનમાં પગાર તથા ૨૦૩ ટકા લેખે મોંઘવારી ભથ્થુ આપવામાં આવે છે તે મુજબ ખંભાત નગરપાલિકાના પેન્શન કર્મચારીઓને હાલ તેઓને મળતા જુના પગાર પંચ અને તે મુજબના મળતા ભથ્થાને બદલે દરેક પેન્શનનાં લાભ મેળવતા પેન્શનર્સને સમાન ધોરણે તેમના તેમને હાલ મળતા પેન્શન ગ્રેડેશનના હુકમમાં ફેરફાર કરીને તમામ પેન્શનર્સને છઠ્ઠા પગાર પંચ મુજબના ગ્રેડેશનમાં પેન્શન પગાર તથા ૨૦૩ ટકા લેખે મોંઘવારી ભથ્થુ તારીખ.૦૧–૦૨–૨૦૨૩ થી આપવા ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૮૮
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે G-20 સમિત–૨૦૨૩ નિમિત્તે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત કમિશનર મ્યુનીસીપાલીટી એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગર તારીખ.૧૦/૦૨/૨૦૨૩ ના રોજ વોટસઅપ મેસેજ મળેલ છે. જે અંતર્ગત વૈશ્વિક ફલક ઉપર ભારતીય સંસ્કૃતિની "વાસુદેવ કુંટુમ્બકમ" ની વિભાવનાને ચરીતાર્થ કરવાની નિયમ સાથે G-20 સમિત–૨૦૨૩ નું યજમાન ભારત દેશ બન્યુ છે અને તેમાંય ગુજરાત રાજયના આંગણે G-20 સમિતની મહત્વની ૧૬ ઈવેન્ટ ફેબ્રુઆરી–૨૦૨૩ થી ઓગષ્ટ–૨૦૨૩ સુધી આ વર્ષમાં થવા જઈ રહી છે. ત્યારે સમગ્ર ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓ વિસ્તારમાં વસવાટ કરતા નગરજનો પ્રત્યેક્ષ યા પરોક્ષ રીતે કાર્યક્રમોમાં સામેલ થાય તથા વધુમાં વધુ જન ભાગીદારી કેળવાય તેવા શુભાશયથી G-20 સમિત વર્ષ ૨૦૨૩ ના સમગ્ર વર્ષ દરમિયાન કાર્યક્રમો રાખેલ છે. તે પૈકી તારીખ.૨૧/૦૨/૨૦૨૩ ને મંગળવારે G-20 સીટી વોક નું આયોજન સવારે ૮–૩૦ કલાકે રાખેલ છે. સદર કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, ચુંટાયેલા પદાધિકારીઓ, આમંત્રીત મહેમાનો, સ્થાનીક કલાકારો, સ્ટાફ, વિદ્યાર્થીઓ વિગેરે માટે ટી શર્ટ, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, બેનર વિગેરેનો અંદાજીત ખર્ચ રૂપિયા.૬૦,૦૦૦/– અંકે રૂપિયા સાઈઠ હજાર પુરાનો ખર્ચ થાય તેમ છે. જે અંગેનો ખર્ચ કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૮૯
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ કર્મચારીઓ વય મર્યાદા કારણે નિવૃત્ત થયેલ છે. જેમાં ગ્રેજયુઈટી અને હકકરજા બીલ ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલ નિયમો પ્રકરણ–૧૮ ના નિયમઃ–૧,૨ અને ૪ ના પેટા નિયમો મુજબ બનાવવા આવેલ છે. જે સાથે સામેલ મુજબનાં બીલો મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | રમેશભાઈ ગંગારામ પ્રજાપતિ(દલવાડી) | હકકરજા | 418800.00 |
| ૨ | રમેશભાઈ ગંગારામ પ્રજાપતિ(દલવાડી) | ગ્રેજયુઈટી | 481574.00 |
| ૩ | પ્રકાશચંદ્ર પ્રવિણચંદ્ર સોમપુરા | હકકરજા | 418800.00 |
| ૪ | પ્રકાશચંદ્ર પ્રવિણચંદ્ર સોમપુરા | ગ્રેજયુઈટી | 481574.00 |
| ૫ | ભરતકુમાર બિહારીલાલ મીસ્ત્રી | હકકરજા | 418800.00 |
| ૬ | ભરતકુમાર બિહારીલાલ મીસ્ત્રી | ગ્રેજયુઈટી | 481574.00 |
| ૭ | શ્યામભાઈ મગનભાઈ હરીજન | હકકરજા | 0.00 |
| ૮ | શ્યામભાઈ મગનભાઈ હરીજન | ગ્રેજયુઈટી | 378546.00 |
| ૯ | અમૃતભાઈ કેશવભાઈ હરીજન | હકકરજા | 329100.00 |
| ૧૦ | અમૃતભાઈ કેશવભાઈ હરીજન | ગ્રેજયુઈટી | 378546.00 |
| ૧૧ | અશોકભાઈ ચંદુભાઈ ચુનારા | હકકરજા | 452400.00 |
| ૧૨ | અશોકભાઈ ચંદુભાઈ ચુનારા | ગ્રેજયુઈટી | 542856.00 |
| ૧૩ | બિહારીભાઈ ચીમનલાલ હરીજન | હકકરજા | 77090.00 |
| ૧૪ | બિહારીભાઈ ચીમનલાલ હરીજન | ગ્રેજયુઈટી | 426864.00 |
| | | કુલ– | 5286524.00 |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ ગ્રેજયુઈટી બીલ તથા હકકરજા પગારના રૂા.૫૨,૮૬,૫૨૪/– અંકે બાવ્વન લાખ છયાસી હજાર પાંચસો ચોવીસ પુરાનો ખર્ચની ચુકવણી માટે મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૦
## તારીખ.૨૧–૦૨–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે જે તે ખાતાના કર્મચારીશ્રી તેમજ ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | રમેશભાઈ ઈન્દુભાઈ હરીજન | પી.એફ.લોન | ૨૦૦૦૦૦.૦૦ |
| ૨ | પુનમભાઈ કનુભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૭૦૦૦૦.૦૦ |
| ૩ | બાબુભાઈ ચીમનભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૦૦૦૦૦.૦૦ |
| ૪ | મનુભાઈ જેઠાભાઈ હરીજન | પી.એફ.લોન | ૨૦૦૦૦૦.૦૦ |
| ૫ | મનુભાઈ ભોલાભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૨૦૦૦૦.૦૦ |
| ૬ | ઈશ્વરભાઈ કેશવભાઈ હરીજન | પી.એફ.લોન | ૨૪૦૦૦૦.૦૦ |
| | | | ૧૦૩૦૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૧</u>
# <u>તારીખ.૨૧–૦૨–૨૦૨૩</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે યુ.ડી.પી–૮૮ (સને ૨૦૨૧–૨૨) હેઠળ ખંભાત નગરપાલિકાને પ્રાદેશિક કમિશ્નર કચેરીના પત્ર નં.પ્રા.ક./ખંભાત/વ.મં./યુ.ડી.પી–૮૮ /૨૦૨૧–૨૨ /૧૧/૨૦૨૨ તા.૦૪/૦૧/૨૦૨૩ થી "ખંભાત નગરપાલિકા જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તા / પાણીની લાઈન / બોક્ષ ડ્રેઈન મુજબના ૫૨–કામોને રૂા.૧,૭૯,૬૬,૨૫૦/– પ્રમાણેની વહિવટી મંજુરી મળેલ. આ અંગે સદર કામની જાહેરાત "સંદેશ" તથા "ગુજરાત સમાચાર" પેપરમાં પ્રસિધ્ધ કરી ભાવપત્રક માંગવામાં આવેલ. આ અંગે ઓનલાઈન ભાવપત્રકો ભરવાની અંતિમ તારીખ : ૦૨/૦૨/૨૦૨૩ હતી અને ફિઝીકલ ડોકયુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા.૦૯/૦૨/૨૦૨૩ હતી. આ બાબતે નિયત સમય મર્યાદામાં નીચેના ૩(ત્રણ) એજન્સીના ફિઝીકલ ડોકયુમેન્ટ રજુ થયેલ ત્રણ એજન્સીના ફીઝીકલ ડોકયુમેન્ટ ઓપન કરી આ અંગેના ઈવોલ્યુશન રીપોર્ટ કંન્સલ્ટન્ટ સી.એમ.એન્જીનીયરીંગ દ્વારા રજુ થયેલ છે. સદર બાબતે પ્રાઈઝબિડ ઓપન કરતા કોન્ટ્રાકટર એજન્સી એસ.એન.બિલ્ડકોન, સનતેજ તા.કલોલના ભાવ અંદાજીત રકમ રૂા.૧,૭૪,૬૫,૨૨૪/– થી ૯.૧૧% પ્રમાણે સૌથી ઓછા આવેલ હોઈ જે ભાવો મંજુર કરવામાં આવે છે. તથા અન્ય એજન્સીને અર્નેસ્ટમની રકમ પરત આપવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૨
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે એસ.બી.એમ ૨.૦ તથા ૧૫મું નાણાંપંચ (૨૦૨૦/૨૧) ટાઈડ ગ્રાન્ટ હેઠળ ખંભાત નગરપાલિકાને પ્રાદેશિક કમિશ્નર કચેરીના પત્ર નં.પ્રા.ક./ ન.પા.–ખંભાત/SBM 2.0/વ.મં./વશી/૨૦૨૨/૨૧૯૧ તા.૧૪/૧૨/૨૦૨૨ થી "લીગસીવેસ્ટની કામગીરી" ના કામને ૧૫મું નાણાપંચ (૨૦૨૦/૨૧) ટાઈડ ગ્રાન્ટ પ્રથમ હપ્તા હેઠળ રૂા.૪૪,૬૮,૬૨૦/ તથા એસ.બી.એમ–૨.૦ ની ગ્રાન્ટમાંથી રૂા.૨,૧૮,૧૭,૩૮૦/– એમ મળી કુલ રૂા.૨,૬૨,૮૬,૦૦૦/– પ્રમાણેની વહિવટી મંજુરી મળેલ. આ અંગે સદર કામની જાહેરાત "સંદેશ" પેપરમાં પ્રસિધ્ધ કરી ભાવપત્રક માંગવામાં આવેલ. આ અંગે ઓનલાઈન ભાવપત્રકો ભરવાની અંતિમ તારીખ : ૦૩/૦૨/૨૦૨૩ હતી અને ફિઝીકલ ડોકયુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા.૧૦/૦૨/૨૦૨૩ હતી. આ અંગે આવેલ ૬(છ) ઓપન કરી આ અંગેના ઈવોલ્યુશન રીપોર્ટ કંન્સલ્ટન્ટ સી.એમ.એન્જીનીયરીંગ દ્વારા રજુ થયેલ છે. સદર બાબતે પ્રાઈઝબિડ ઓપન કરતા કોન્ટ્રાકટર એજન્સી Atharva Associates, Ahmedabadના ભાવ અંદાજીત રકમ રૂા.૨,૫૫,૨૦,૦૦૦/– થી ૪.૫૦% પ્રમાણે સૌથી ઓછા આવેલ હોઈ જે ભાવો મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૩
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે નગરપાલિકાના વિવિધ ખાતાઓ માટે એ/૪(એ.ફોર) પેકેટ અને સામાન્ય પાવતી માટે લીગલ પેપર પેકેટની જરૂર પડતી હોઈ નવા એ/૪(એ.ફોર) પેકેટ અને સામાન્ય પાવતી માટે લીગલ પેપર પેકેટ તથા ચીફ ઓફિસરશ્રી લેટરપેડ તથા પ્રમુખશ્રી લેટરપેડ, સભ્યશ્રીઓના લેટરપેડ, માદળા તળાવ બાગ પ્રવેશ ટીકીટ, દરીયે ડંકા પર પાર્કિંગ ટીકીટ, સ્મશાનગૃહ માટે ડોનેશન માટેની પાવતી બુકો, મુકિતધામ ઓફિસેથી મૃતકોને આપવામાં આવતી સામગ્રીની બુકો, તરણકુંડનાં પ્રવેશ માટે ફોર્મ, ગેટપાસની ટીકીટો, સામાન્ય પાવતીઓ, જન્મ–મરણ વિભાગમાં જન્મ–મરણનાં દાખલા તથા તે દાખલા મેળવવા માટેના ફોર્મ, આવકના દાખલના ફોર્મ તથા જરૂરી પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી ખરીદીના કામો સને : ૨૦૨૩–૨૦૨૪ માં બજાર ભાવથી ખરીદવા તથા છપાવવા માટેની કામગીરી કરાવવા ઠરાવ કરવામાં આવે છે તથા આ અંગેનો ખર્ચ કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૪
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

સવિનય જણાવવાનું કે ન.પા.ની સ્કોરપીઓ જી.જે.૨૩ જી.એ.૦૭૧૭ ની છેલ્લી સર્વિસ તા.૧૦/૦૮/૨૨ નાં રોજ એમ.એમ.વ્હોરા ઓટો મોબાઈલ્સ, આણંદ ખાતે કરાવેલ ઘણો સમય થઈ જતા સદર વાહનની સર્વિસ કરાવવી જરૂરી છે. જે અંતર્ગત કાર ઓટો ગેરેજ, છતરડીવાળા પાસે એસ્ટીમેન્ટ મંગાવેલ જે આ સાથે સામેલ છે. જેમાં તમામ ઓઈલ તથા ફીલ્ટરો, કુલન્ટ વોટર બદલવાની જરૂર છે. તેમજ સદર વાહન એલાયમેન્ટ કરવાનું (વ્હીલનું) બંમ્પર ખોલી રીપેરીંગ કરવાની વોર્શીંગ કરવાનું જેમાં માલ સામાન મજુરી સાથેનો એસ્ટીમેન્ટ રૂા..૨૨,૦૦૦/– આપવામાં આવેલ છે. જેથી સદર વાહન સર્વિસ તથા રીપેરીંગ કામ કરાવવા માટે યોગ્ય આદેશ થવા વિનંતી.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૫</u>
# <u>તારીખ.૨૧–૦૨–૨૦૨૩</u>

વોટર વર્કસ ખાતામાં આવેલા ઈનટેક વેલ કનેવાલ વોટર વર્કસ પર ચાલતો ૧૨૫ એચ.પી. ટરબાઈન મોટરમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૧ માટે સને ૨૦૨૨–૨૩નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર ટરબાઈન મોટર ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૬૨ / તા. ૨૫–૦૫–૨૨ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ટરબાઈન મોટર રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૨૦૭૬/ તા.૨૨–૧૨–૨૦૨૨ થી સને ૨૦૨૨–૨૩ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૧૪/ તા.૨૩/૦૧/૨૦૨૩ થી સને ૨૦૨૨–૨૩ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી ટરબાઈન મોટરના કુલ રૂા.૮૦,૬૫૦/– અંકે રૂપિયા એશી હજાર છસો પચાસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સને ૨૦૨૨–૨૩ નાં કામ નંબર–૦૧ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૬૨ / તા. ૨૫–૦૫–૨૨ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૬
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

વોટર વર્કસ ખાતામાં આવેલા નારેશ્વર હેડવર્કસ પર આવેલ જેકવેલ બોરવેલ પર ચાલતો શહીદબાગ સ્ટોરેજ માટે ૪૦ એચ.પી. સબમર્શીબલ મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૨ માટે સને ૨૦૨૨–૨૩નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર સબમર્શીબલ મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૬૨ / તા. ૨૫–૦૫–૨૦૨૨નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર સબમર્શીબલ મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૨૦૭૮/ તા.૨૨–૧૨–૨૦૨૨થી સને ૨૦૨૨–૨૩ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૧૩/ તા.૦૬/૦૨/૨૦૨૩થી સને ૨૦૨૨–૨૩નાં મંજુર થયેલ વાર્ષીક ભાવથી સબમર્શીબલ મોટરપંપના કુલ રૂા.૧૫,૮૧૦/– અંકે રૂપિયા પંદર હજાર આઠસો દસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સને ૨૦૨૨–૨૩નાં કામ નંબર–૦૨ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૬૨ / તા. ૨૫–૦૫–૨૦૨૨થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૭
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

વોટર વર્કસ ખાતામાં આવેલા નારેશ્વર હેડવર્કસ પર આવેલ બરફવાળા બોરવેલ પર ચાલતો તીલકબાગ સ્ટોરેજ માટે ૪૦ એચ.પી. સબમર્શીબલ મોટરપંપ ચાલુમાં બોરવેલમાં પડી જવાના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૨ માટે સને ૨૦૨૨–૨૩નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર સબમર્શીબલ મોટરપંપ કાઢી ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૬૨ / તા. ૨૫–૦૫–૨૦૨૨નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર સબમર્શીબલ મોટરપંપ કાઢી રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૪૪૬/ તા.૨૨–૦૯–૨૦૨૨થી સને ૨૦૨૨–૨૩ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૧૬/ તા.૧૩/૦૨/૨૦૨૩થી સને ૨૦૨૨–૨૩નાં મંજુર થયેલ વાર્ષીક ભાવથી સબમર્શીબલ મોટરપંપના કુલ રૂા.૩૧,૮૧૦/– અંકે રૂપિયા એકત્રીસ હજાર આઠસો દસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સને ૨૦૨૨–૨૩નાં કામ નંબર–૦૨ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૬૨ / તા. ૨૫–૦૫–૨૦૨૨થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૮
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

વોટર વર્કસ ખાતામાં આવેલા હેડવર્કસ પર જુદી જુદી જગ્યાઓ માટે ઈલેકટ્રીક માલ સામાન ૧)૩૫,૫૦ અને ૭૦ એમ.એમ. કોપર લગ્સના ૧૨૦ નંગના ૫૦/– લેખે ૬૦૦૦/– રૂપિયા ૨)૨૫૦,૧૫૦ અને ૧૦૦ એમ.એમ. એલ્યુમીનીયમ લગ્સના ૧૨૦ નંગના ૫૦/– લેખે ૬૦૦૦/– રૂપિયા ૩)૨૫ એમ.એમ. કોપર લગ્સના ૧૦૦ નંગના ૨૫/– લેખે ૨૫૦૦/– રૂપિયા તથા ૧૬ એમ.એમ. કોપર લગ્સના ૧૦૦ નંગના ૧૬/– લેખે ૧૬૦૦/– રૂપિયા ઈલેકટ્રીક માલ સામાન ખરીદીની જરૂર હોય જેથી સદર માલ સામાન માટે કામ નંબર– ૦૬ માં સને ૨૦૨૨–૨૩ના મજુંર થયેલ વાર્ષીક ભાવથી કુલ રૂા. ૧૬,૧૦૦/– અંકે કુલ રૂપિયા છોળ હજાર એક સો પુરાનો ખર્ચ થાય તેમ છે ઈલેકટ્રીક માલ સામાનની તાત્કાલીક જરૂર હોય જેથી સદર ઈલેકટ્રીક માલ સામાન માટે ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીંગ, પેટલાદવાળા એજન્સીના સને ૨૦૨૨–૨૩નાં કામ નંબર–૦૬ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૬૨ / તા. ૨૫–૦૫–૨૦૨૨થી ભાવ મજુંર થયેલ છે તદઅનુસાર ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીંગ, પેટલાદવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ ખરીદી તથા ખર્ચ કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૯
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

આજ રોજ તારીખ.૨૧–૦૨–૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૬૭ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

<u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૦</u>

<u>તારીખ.૨૧–૦૨–૨૦૨૩</u>

આજ રોજ તારીખ.૧૭–૦૧–૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૧૬ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૧
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે શહેરમાં આઠ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનો આવેલ છે. જેમાં જુદા જુદા વિસ્તારોના ગટરના પાણીનો નિકાલ થાય છે.

સદર પંપીંગ સ્ટેશનોમાં આવેલ મોટર પંપ, પેનલો વિગેરે અવાર નવા ર બંધ થઈ જાય તો અગાઉ મંજુર થયેલ ટેન્ડર મુજબ કામગીરી કરવામાં આવતી હતી. જયારે અત્યરે સદર ટેન્ડર પૂર્ણ થઇ ગયેલ હોઇ એકઝી.કમીટીના ઠરાવ નં.૩૧૩/ ૩૦–૦૩–૨૦૨૨થી સદર ટેન્ડરના ભાવો મંગાવવા માટે દૈનિક પેપરમાં જાહેરાત અર્થે પ્રસિધ્ધ કરેલ. પરંતુ એક પણ ટેન્ડર કોપી આવેલ નહી. જેથી મે. પ્રમુખ સાહેબશ્રીની સુચના મુજબ તા.૧૪–૧૨–૨૦૨૨ ના રોજ બીજા પ્રયત્ન માટે સંદેશ દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી ભાવો મંગાવવામાં આવેલ. આ અંગે ઓનલાઇન ભાવ ભરવાની અંતીમ તા.૨૨–૧૨–૨૦૨૨ અને ફીઝીકલ ડોકયુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા.૨૮–૧૨–૨૦૨૨ હતી. આ બાબતે નિયત સમય મર્યાદામાં (૧) શકિત એન્જીનીયરીંગ વર્કસ, વત્રા અને (૨) એસ. એન. બિલ્ડકોન, કલોલ એમ કુલ ૨(બે) એજન્સીના ફીઝીકલ ડોકયુમેન્ટ રજૂ થયેલ હતા. જે ટેન્ડરો ખોલતા એસ. એન. બિલ્ડકોન, કલોલનું ટેન્ડર ડીસકવોલીફાઇડ થયેલ છે. જેમાં ચીફ ઓફિસરશ્રી તથા મે. પ્રમુખ સાહેબશ્રીની સુચના મુજબ બીજા પ્રયત્નમાં એક જ ટેન્ડર આવેલ હોઇ સદર ટેન્ડર ખોલવા જણાવેલ. જેથી સદર ટેન્ડર ખોલતા આવેલ ભાવો પૈકી એજન્સીને નેગોસીએશન માટે બોલાવેલ. જેમાં તેઓ ભરેલ ભાવમાં નીચે મુજબની આઇટમમાં સુધારો કરવા સંમતી આપેલ છે.

| ક્રમ | આઇટમની વિગત | | આવેલ ભાવ | ઘટાડેલ ભાવ |
|---|---|---|---|---|
| (૧) | પાર્ટ (B) આઇટમ નંબરઃ–૨ | થર્સ બેરીંગ | ૨૬૫૦.૦૦ | ૨૪૦૦.૦૦ |
| (૨) | પાર્ટ (D) આઇટમ નંબરઃ–૩૨ | અન્ય સામાન | ૧૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |

આમ પંપીંગ સ્ટેશનોમાં આવેલ મોટર પંપ, પેનલો વિગેરે રીપેરીંગ કરાવવા માટે આવેલ શકિત એન્જીનીયરીંગ વર્કસ, વત્રાના ભાવો મંજુર કરવામાં આવે છે. તથા આ બાબતે આગળની કાર્યવાહી અર્થે મે. પ્રમુખશ્રી, એકઝી.કમીટી ચેરમેનશ્રી અને ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૨
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

ઉપરોકત રીપોર્ટની વિગત અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા હસ્તકનું નવી શાક મારકેટ શોપીગ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર. ૨૬ જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર. B૦૧૦૨/B૦૨૬ વાળી દુકાન હાલમાં ગણેશ મેડીકલ એજન્સી, પ્રકાશચંદ્ર કાળીદાસ રાજપુત રહેવાસી. ગવારાનો રજપુતવાડો, જનરલ પોસ્ટ ઓફીસની પાછળ, મુ.ખંભાત, તા. ખંભાત જી. આણંદના નામે છે.

સદર દુકાન તેઓ એ રમેશભાઈ હરિલાલ ખલાસી રહેવાસી. લોખંડની હવેલી, માછીપુરા, મુ. ખંભાત, તા. ખંભાત, જી. આણંદના નામે દુકાન ટ્રાન્સફર કરવા માટે સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરી અસલ પેપર્સ સાથે રાખી નગરપાલિકામાં તારીખ. ૦૮/૦૨/૨૦૨૩ ના રોજ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવા અરજી આપેલ છે.

જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ. ૩૦–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા. ૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફીમાં ૨૫% (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે દુકાન નંબર. ૨૬ જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર. B૦૧૦૨/B૦૨૬ વાળી દુકાનમાં રમેશભાઈ હરિલાલ ખલાસી ના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર.

## શ ર તો

(૧) સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૬૬૫/–અંકે રૂપીયા છસ્સો પાસઠ પુરા</u> પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) દુકાન ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/- તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/- કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/- તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/-પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/- આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે - ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા - દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ

પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ દુકાનમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની  લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો-વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસ–દારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે.

(૨૧) દુકાન લાયસંસફી થી  રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની.ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ– વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૩
# તારીખ.૨૧–૦૨–૨૦૨૩

ઉપરોકત રીપોર્ટની વિગત અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા હસ્તકનું સરદાર ટાવર પાસે આવેલ જુની શાકમાર્કેટ (કારપેટ) શોપીંગ સેન્ટર ફસ્ટ ફલોર કારપેટ પ્લોટ નંબર.A11 વાળી જગ્યા હાલમાં આદર્શ કલોથ સ્ટોર્સના પ્રો.પ્રા.પટેલ યશવંતભાઈ સોમાભાઈ રહેવાસી.એ/૩૯ અંબિકાનગર સોસાયટી, કંસારી, તા.ખંભાતના નામે ચાલે છે.

સદર પ્લોટ તેઓ એ પંકજકુમાર રસિકલાલ રાણા રહેવાસી.વાંસડાવાડ, ખંભાતના નામે આ કારપેટ પ્લોટ ટ્રાન્સફર કરવા માટે સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરી અસલ પેપર્સ સાથે નગરપાલિકામાં તારીખ.૦૮/૦૨/૨૦૨૩ ના રોજ પ્લોટમાં નામ ટ્રાન્સફર કરવા અરજી આપેલ છે.

જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ. ૩૦–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ સદર જુની શાકમાર્કેટ(કારપેટ)શોપીંગ સેન્ટર પ્લોટમાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા. ૨૫,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફીમાં ૨૫% (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે સદર કારપેટ પ્લોટ નંબર.A11 વાળા પ્લોટમાં પંકજકુમાર રસિકલાલ રાણા ના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર.

## શ ર તો

(૧) સદર કારપેટ પ્લોટની માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર કારપેટ પ્લોટની લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી (૧) તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર કારપેટ પ્લોટનું માસિક લાયસંસ ફી રૂપીયા. <u>૯૫/– અંકે રૂપીયા પંચ્ચાણુ પુરા</u> પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબ ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) કારપેટ પ્લોટ ભાડે રાખનાર ઈસમ કારપેટ પ્લોટ પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય કારપેટ પ્લોટ બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુનીસીપાલીટીની લેખીત સંમતી સિવાય – રાખવામાં આવશે તો મ્યુનીસીપાલીટી તે કારપેટ પ્લોટ ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર કારપેટ પ્લોટ રાખનારે અંગ્રેજી મહીનાની(૧)પહેલી તારીખથી(૧૮)અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર કારપેટ પ્લોટની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ(૦૯)વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે કારપેટ પ્લોટ લાયસંસ રીન્યુ કરવા – અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તે મુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી કારપેટ પ્લોટનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર કારપેટ પ્લોટ હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨) વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર કારપેટ પ્લોટની ઉપર કરેલ બાંધકામની ઉપરનો કારપેટ પ્લોટ નગરપાલિકાની માલીકીનો અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં કારપેટ પ્લોટ ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે કારપેટ પ્લોટની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે કારપેટ પ્લોટની ટ્રાન્સફર ફી રૂપીયા.૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી કારપેટ પ્લોટમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા કારપેટ પ્લોટમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ કારપેટ પ્લોટમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈપણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) કારપેટ પ્લોટની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની.નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) કારપેટ પ્લોટ લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી કારપેટ પ્લોટ લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ કારપેટ પ્લોટમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગર–પાલિકામાં જમા કરાવવાની રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ કારપેટ પ્લોટમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સ ફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય કારપેટ પ્લોટમાં રીપેરીંગ કામ, રંગ–કામ, સુધારો વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસદારે પોતાને ભોગવવાનો રહેશે અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) કારપેટ પ્લોટ લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા – ભાગીદારો પાસે આ કારપેટ પ્લોટ બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે.

(૨૧) કારપેટ પ્લોટ લાયસંસ ફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુનીસીપાલીટી એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની સીપાલીટી કારપેટ પ્લોટનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ

બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧ તા.૧૯–૦૧–૨૦૧૬ ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર કારપેટ પ્લોટની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ(૦૯)વર્ષની મુદત માટે રહેશે

(૨૫) સદર કારપેટ પ્લોટમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ કારપેટ પ્લોટ ને કાંઈ પણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુનીસીપાલીટી ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુનીસીપાલીટી – એકટ ધારાની રૂઈએ લેવા મ્યુનીસીપાલીટી ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફવાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૪
# તારીખ : ૨૧–૦૨–૨૦૨૩

આથી ઠરાવવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત એકઝી.કમીટી ઠરાવ નં. ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮ તા.૧૬–૦૭–૨૦૨૩ થી સેનિટેશન વિભાગ માટે ૧૫માં નાણાપંચની ગ્રાન્ટ અન્વયે જુદા જુદા સાધનો ખરીદ કરવા ઠરાવવામાં આવેલ. જે સાધનો ખરીદ કરવા અત્રેની ખંભાત નગરપાલિકાના સુ.જા.નં.૧૦૮૩ તા.૦૧–૦૮–૨૦૨૨, સુ.જા.નં.૧૦૮૪ તા.૦૧–૦૮–૨૦૨૨, સુ.જા.નં.૧૦૮૫ તા.૦૧–૦૮–૨૦૨૨ અને સુ.જા.નં.૧૦૮૬ તા.૦૧–૦૮–૨૦૨૨થી પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી ખાતે સદર કામોની તાંત્રિક અને વહિવટી મંજુરી અર્થે મોકલી આપેલ. જેની આજ દિન સુધી તાંત્રિક અને વહિવટી મંજુરી મળેલ નથી. જેની સદર કચેરી ખાતે તપાસ કરતા તેઓએ જણાવેલ છે કે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક. UDUHD/MSM/e-file/18/2023/0939/DH Section તા.૨૭–૦૧–૨૦૨૩ થી નકકી થયા મુજબ કાર્યવાહિ કરવાની થાય છે. જેથી સદર એકઝી.કમીટી ઠરાવ નં. ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮ તા.૧૬–૦૭–૨૦૨૨ ને રદ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૫</u>

## <u>તારીખ : ૨૧–૦૨–૨૦૨૩</u>

---

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક. UDUHD/MSM/e-file/18/2023/0939/DH-Section તા.૨૭–૦૧–૨૦૨૩થી નકકી થયા મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગટર લાઈન ધ્વારા પંપીંગ સ્ટેશનમાં આવતાં કચરાને રોકવા માટે મેકેનીકલ સ્કીન બાર અંદાજીત કિંમત રૂા.૩૪,૧૪,૩૮૯/– ના ખર્ચથી સરકારશ્રીના ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ હુકમ નંબર : મફબ/યુ–૨/૧૫મું નાણાપંચ/ બીજો હપ્તો (ટાઈડ ગ્રાન્ટ)/ ૨૦૨૧–૨૨/૫૭૭૬ તા.૩૦–૩–૨૨ની બચત રકમમાંથી ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૬
# તારીખ : ૨૧–૦૨–૨૦૨૩

---

**આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક. UDUHD/MSM/e-file/18/2023/0939/DH-Section તા.૨૭–૦૧–૨૦૨૩થી નકકી થયા મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રોડ સફાઈ માટે હાઈડ્રોલીક રોડ સ્વીપર મશીન અંદાજીત કિંમત રૂા.૩૬,૩૦,૦૦૦/–ના ખર્ચથી સરકારશ્રીના ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ હુકમ નંબર : મફબ/યુ–૨/૧૫મું નાણાપંચ/ પ્રથમ હપ્તો(ટાઈડ ગ્રાન્ટ)/ ૨૦૨૧–૨૨/૨૩૩૩ તા.૨૩–૨–૨૨ની બચત રકમમાંથી ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. સોનલબેન નિતિનકુમાર જોષી**
**સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૭
## તારીખ : ૨૧–૦૨–૨૦૨૩

---

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક. UDUHD/MSM/e-file/18/2023/0939/DH-Section તા.૨૭–૦૧–૨૦૨૩થી નકકી થયા મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મોબાઈલ ટોયલેટ વાન ( ફોર સીટર) નંગ –૨ અંદાજીત કિંમત રૂા.૧૨,૧૦,૦૦૦/– તથા સફાઈ કર્મચારીઓની હાથલારીમાં મુકવાના લીલા ડબ્બા (હેન્ડકાર્ટ ડસ્ટબીન) નંગ ૨૦૦ અંદાજીત કિંમત રૂા.૧,૨૯,૮૦૦/– તથા શહેરમાં જુદી જુદી જગ્યાએ મુકવામાં આવતા કચરો કલેકટ કરવા માટેના કન્ટેનરો (૪.૫ ટન કેપેસીટીના) નંગ– ૨૦ અંદાજીત કિંમત રૂા.૨૫,૩૧,૧૦૦/– મળી કુલ રૂા.૩૮,૭૦,૯૦૦/–ના ખર્ચથી સરકારશ્રીના ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ હુકમ નંબર : મફબ/યુ–૨/૧૫મું નાણાપંચ/ બીજો હપ્તો (અનટાઈડ) /૨૦૨૦–૨૧/ ૫૪૪૫ તા.૮–૩–૨૧ની બચત રકમમાંથી ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૮
# તારીખ : ૨૧–૦૨–૨૦૨૩

---

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક. UDUHD/MSM/e-file/18/2023/0939/DH-Section તા.૨૭–૦૧–૨૦૨૩થી નકકી થયા મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વર્મી કમ્પોઝ પ્લાન્ટમાં તથા નવી શાક માર્કેટમાં જમા થતો ભીના કચરામાંથી ખાતર બનાવવા જરૂરી ઓર્ગોનીક વેસ્ટ કન્વટર (OWC) મશીન નંગ –૨ અંદાજીત કિંમત રૂા.૪૦,૦૦,૦૦૦/– ના ખર્ચથી સરકારશ્રીના ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ હુકમ નંબર : મફબ/યુ–૨/૧૫મું નાણાપંચ/ બીજો હપ્તો (અનટાઈડ) /૨૦૨૦–૨૧/ ૫૪૪૫ તા.૮–૩–૨૧ની બચત રકમમાંથી ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૯
## તારીખ : ૨૧–૦૨–૨૦૨૩

---

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક. UDUHD/MSM/e-file/18/2023/0939/DH-Section તા.૨૭–૦૧–૨૦૨૩થી નકકી થયા મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વર્મી કમ્પોઝ પ્લાન્ટમાં જમા થતો પ્લાષ્ટિક કચરાનો જથ્થો ભેગો કરી ગઠ્ઠો બનાવવા પ્લાષ્ટિક બીલીંગ મશીન નંગ –૧ અંદાજીત કિંમત રૂા.૦૫,૦૧,૮૪૦/– તથા શહેરમાં જુદી જુદી જગ્યાએ કચરાના ઢગલાં તથા ખુલ્લી નીકોમાંથી કચરો ઉપાડવા ટ્રેલર ઉપર ડી – સેલ્ટીંગ મશીન અંદાજીત કિંમત રૂા.૧૮,૪૨,૨૦૦/– તથા કન્ટેનર ઉપાડવા માટેના લીફટર ડીવાઈઝ નંગ– ૨ અંદાજીત કિંમત રૂા.૧૬,૪૭,૨૦૦ મળી કુલ રૂા.૩૯,૯૧,૨૪૦/–ના ખર્ચથી સરકારશ્રીના ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ હુકમ નંબર : મફબ/યુ–૨/૧૫મું નાણાપંચ/ બીજો હપ્તો (અનટાઈડ) /૨૦૨૦–૨૧/ ૫૪૪૫ તા.૮–૩–૨૧ની બચત રકમમાંથી ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. તેમજ સદર બાબતે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૧૦**
**તારીખ.૨૧/૦૨/૨૦૨૩**

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : UDUHD/MSM/e-file/18/2023/0939/DHsection Dt.27-01-2023 ના ઠરાવથી ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ઉપરાંત શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ દ્વારા સરકારશ્રીની અન્ય વિવિધ યોજનાઓ માટે ફાળવવામાં આવતી કેન્દ્રીય નાણાપંચ સહિતની તમામ ગ્રાન્ટમાંથી કરવાના થતા નગરપાલિકાના વિવિધ વિકાસના કામોને તાંત્રિક તેમજ વહિવટી મંજુરી આપવા માટે નગરપાલિકા કક્ષાએ સમિતિ રચવા અને આ સમિતિમાં તાંત્રિક તથા વહિવટી મંજુરી આપવાની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના ઠરાવની જોગવાઈઓને આધિન રહીને ખંભાત નગરપાલિકા કક્ષાએ નીચે મુજબની સમિતિની રચના કરવા આથી હુકમ કરવામાં આવે છે.

| નં. | અધિકારીશ્રીનો હોદ્દો | સમિતિનો હોદ્દો |
|---|---|---|
| ૧ | મુખ્ય અધિકારીશ્રી, ખંભાત નગરપાલિકા | અધ્યક્ષ |
| ૨ | મ્યુનિસિપલ ઈજનેરશ્રી, પ્રાદેશિક કમિશ્નરશ્રી (ન.પા.ઓ) વડોદરા ઝોનની કચેરી | સભ્ય |
| ૩ | મ્યુનિસિપલ ઈજનેરશ્રી, આણંદ નગરપાલિકા (જિલ્લા મથક) | સભ્ય |
| ૪ | મ્યુનિસિપલ ઈજનેરશ્રી, પેટલાદ નગરપાલિકા | સભ્ય |
| ૫ | એકાઉન્ટન્ટશ્રી, ખંભાત નગરપાલિકા | સભ્ય |
| ૬ | મ્યુનિસિપલ ઈજનેરશ્રી, ખંભાત નગરપાલિકા | સભ્ય સચિવ |

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૧૧
# તારીખ : ૨૧–૦૨–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ કર્મચારીઓ વય મર્યાદા કારણે નિવૃત થયેલ છે, જેમા ગ્રેજયુઈટી અને હકકરજા બીલ ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલ નિયમો પ્રકરણ–૧૮ ના નિયમઃ–૧,૨ અને ૪ ના પેટા નિયમો મુજબ બનાવવા આવેલ છે.જે સાથે સામેલ મુજબનાં બીલો મંજુર કરવા માં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| 1 | પૂનમભાઇ શંકરભાઇ હરીજન | હકકરજા | 291,600.00 |
| 2 | પૂનમભાઇ શંકરભાઇ હરીજન | ગ્રેજયુઈટી | 335,478.00 |
| 3 | રમેશભાઇ કાળીદાસ હરીજન | હકકરજા | 204,042.00 |
| 4 | રમેશભાઇ કાળીદાસ હરીજન | ગ્રેજયુઈટી | 378,546.00 |
| 5 | જયંતીભાઇ રૂડાભાઇ હરીજન | હકકરજા | 313,742.00 |
| 6 | જયંતીભાઇ રૂડાભાઇ હરીજન | ગ્રેજયુઈટી | 378,546.00 |
| 7 | શારદા પુનમ હરીજન | હકકરજા | 329,100.00 |
| 8 | શારદા પુનમ હરીજન | ગ્રેજયુઈટી | 378,546.00 |
| 9 | રમેશભાઇ સોમાભાઇ હરીજન | હકકરજા | 337,200.00 |
| 10 | રમેશભાઇ સોમાભાઇ હરીજન | ગ્રેજયુઈટી | 387,711.00 |
| 11 | પુનમભાઇ જીણાભાઇ હરીજન | હકકરજા | 337,200.00 |
| 12 | પુનમભાઇ જીણાભાઇ હરીજન | ગ્રેજયુઈટી | 387,711.00 |
| 13 | અરવિંદભાઇ કચરાભાઇ હરીજન | હકકરજા | 336,076.00 |
| 14 | અરવિંદભાઇ કચરાભાઇ હરીજન | ગ્રેજયુઈટી | 387,711.00 |
| 15 | કાનજીભાઇ મગનભાઇ હરીજન | હકકરજા | 355,800.00 |
| 16 | કાનજીભાઇ મગનભાઇ હરીજન | ગ્રેજયુઈટી | 426,864.00 |
| 17 | જગદીશભાઇ ગબાભાઇ હરીજન | હકકરજા | 355,800.00 |
| 18 | જગદીશભાઇ ગબાભાઇ હરીજન | ગ્રેજયુઈટી | 426,864.00 |
| | | કુલ | 6,348,537.00 |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ ગ્રેજયુઈટી બીલ તથા હકકરજા પગારના

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૧૨
# તારીખ.૨૧/૦૨/૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વિવેકાધિન જોગવાઈ અંતર્ગત જિલ્લા આયોજન કચેરી, આણંદના પત્ર ક્રમાંક : અજન/વિ.જી.આ./વશી/ ૨૦૨૩–૨૪/૬૧૪ તા.૨૧–૧૨–૨૦૨૨ થી પૂર્વ આયોજન કરવા અંગે ખંભાત નગરપાલિકાને રૂા.૨૫,૦૦,૦૦૦/– ની ગ્રાન્ટની ફાળવણી થયેલ છે. આ અંગે સદર ગ્રાન્ટમાંથી નીચે મુજબના કામો કરવા ઠરાવવામાં આવે છે. તથા તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

| નં. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | TRACTOR DRWAN TRAILER MOUNTED CONTAINER LIFTER FOR UPTO 4.5 CMT CONTAINER (W/O TRACTOR) QTY.2 NO. | ૧,૦૦૫,૭૬૦.૦૦ |
| ૨ | કતકપુર નવીનગરી જયંતિભાઈ સવજીભાઈ ખરાડ ઘરથી ધોળીડાળી તરફ ગટર લાઈન નાખવાની કામગીરી | ૫૭૦,૭૦૦.૦૦ |
| ૩ | બારૈયાવાસ ટેકરા ફળીયુ ગોવિંદભાઈ હરજીભાઈ બારૈયાના ઘરથી રણજીતભાઈ ઠાકોરભાઈ બારૈયાના ઘર તરફ પાણીની લાઈન નાખવાની કામગીરી | ૧૩,૫૦૦.૦૦ |
| ૪ | બારૈયાવાસ વચલુ ફળીયુ રમેશભાઈ અંબાલાલના ઘરથી બાબુભાઈ ઠાકોરના ઘર તરફ પાણીની લાઈન નાખવાની કામગીરી | ૨૦,૧૦૦.૦૦ |
| ૫ | કતકપુર નવીનગરી કાંતિભાઈ મથુરભાઈના ઘરથી નગરપાલિકા બોર સુધી પાણીની લાઈન નાખવાની કામગીરી | ૪૩,૬૦૦.૦૦ |
| ૬ | પંચવટી સર્કલ પાસે પંમ્પીંગ સ્ટેશનથી હિરાપરા ગરનાળા તરફ પાણીની પાઈપ લાઈન નાખવાની કામગીરી | ૪૭૦,૯૫૦.૦૦ |
| ૭ | લાલ દરવાજા પોલીસ ચોકીથી ન્યુ સરગમ નાસ્તા હાઉસ તરફ ગટર લાઈન નાખવાની કામગીરી | ૧૨૧,૩૦૦.૦૦ |
| ૮ | મેતપર સર્કલ પાસે એલ.ઈ.ડી ફલડ લાઈટ નાખવાની કામગીરી | ૨૬૮,૧૦૦.૦૦ |
| | | **૨,૫૧૪,૦૧૦.૦૦** |

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

<u>ખંભાત નગરપાલિકા ,ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૧૩</u>

<u>તારીખ.૨૧–૦૨–૨૦૨૩</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા જુદા–જુદા વિસ્તારમાં ચેમ્બર રીપેરીંગ, પેચવર્ક તથા અન્ય કામગીરી માટે રેતી, સિમેન્ટની જરૂરીયાત હોઈ સદર બાબતે વાર્ષિક ભાવો મંજુર થયેલ ન હોઈ તાત્કાલીક સરકયુલર ટેન્ડર ફેરવી જુદી–જુદી એજન્સીઓ પાસે બંધ કવરમાં ભાવપત્રકો મંગાવેલ. આ અંગે નિયમ સમય મર્યાદામાં કુલ ત્રણ(૩) એજન્સીના ભાવપત્રકો આવેલ જે તા.૨૧–૦૨–૨૦૨૩ ના રોજ અધિકારીશ્રીની રૂબરૂમાં ખોલવામાં આવેલ. આ અંગે આવેલ ભાવપત્રકોનું સરખામણી પત્રક બનાવી ઓડિટ કરાવતા રેતી, સિમેન્ટના એજન્સી બી જયંતીલાલ એન્ડ સન્સ, ખંભાતના (૧) ૧–ટ્રેકટર રેતીના રૂા.૪૧૫૦/– (૨) ૫૦–થેલી સિમેન્ટ (અલ્ટ્રાટેક) ના રૂા.૨૦,૬૦૦/– + મજુરી રૂા.૫૦૦/– પ્રમાણે સૌથી ઓછા આવેલ હોઈ જે ભાવો મંજુર કરવામાં આવે છે અને તે અંગેનો ખર્ચ કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૧૪
## તારીખ.૨૧–૦૨–૨૦૨૩

વોટર વર્કસ ખાતામાં આવેલા કનેવાલ ઈનટેક વેલ પર ચાલતો મીઠા પાણી સ્ટોરેજ માટે ૧૨૫ એચ.પી. ટરબાઈન મોટર બોડીશોર્ટ ફોલ્ટ થતા મોટરપંપ ચલાવી શકાય તેમ નથી જેથી કામ નં–૧ માટે સને ૨૦૨૨–૨૩નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર ટરબાઈન પંપમોટર ખોલી રીપેરીંગ કરવા જણાવેલ પરંતુ કામગીરી કરેલ ન હોય જેથી સદર કામગીરી અર્થે એજન્સી ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીંગ, પેટલાદવાળા પાસે સહમતી પત્ર તારીખ–૧૬/૦૨/૨૦૨૩ના રોજ આવેલ જે કારોબારી સમીતી ઠરાવ નંબર – ૬૨ / તા.૨૫–૦૫–૨૦૨૨નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ કામગીરી કરવા સહમતી આપેલ સને ૨૦૨૨–૨૩ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવને આધીન ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીંગ, પેટલાદવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીંગ, પેટલાદવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૬૩/ તા.૨૦/૦૨/૨૦૨૩ થી સને ૨૦૨૨–૨૩ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી ટરબાઈન મોટરના કુલ રૂા.૮૪,૧૫૦/– અંકે રૂપિયા ચોર્યાશી હજાર એકસો પચાસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીંગ, પેટલાદવાળા એજન્સીના સને ૨૦૨૨–૨૩ નાં કામ નંબર–૦૧ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૬૨ / તા. ૨૫–૦૫–૨૨ થી વાર્ષિક ભાવ મજુંર થયેલ છે તદઅનુસાર ચરોતર સબમર્શીબલ મોટર રીવાઈન્ડીંગ, પેટલાદવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૧૫
## તારીખ.૨૧–૦૨–૨૦૨૩

ખંભાત શહેરી વિસ્તારમાં પીવાલાયક પાણી પુરવઠા કનેવાલ તળાવમાંથી સપ્લાય કરવામાં આવે છે. કનેવાલ તળાવથી નારેશ્વર તળાવ પર આવતી ૫૦૦ એમ.એમ.ડાયાની ડી.આઈ પાઈપ લાઈન પાદરા આગળ લીકેજ થયેલ છે. સદર લીકેજ રીપેર કરાવવા બાબતે આ કામના નિષ્ણાંત પાસેથી ભાવપત્રકો મેળવવામાં આવેલ. આ બાબતે ત્રણ ભાવ પત્રકો પૈકી પ્લમબર પ્રો. કૈલાશ એન્જીનિયરીંગ વર્કસ, સુવેજ પંપીગ રોડ, જિ.વડોદરાવાળા ના ભાવ રૂા.૨૧,૦૦૦/– (અંકે રૂપિયા એકવીસ હજાર પુરા) પ્રમાણે સૌથી ઓછા પ્રમાણે આવેલ છે. સદર કામગીરીમાં મશીન કટીંગ / જનરેટર સેટ વિગરે કામગીરી એજન્સીએ કરવાની છે. આ અંગે જે.સી.બી નગરપાલિકાએ પુરૂ પાડવાનું છે. બાકીના તમામ સાધનો મશીન કટીંગ / જોઈન્ટીંગ પ્રક્રિયા કરી લીકેજ બંધ કરવાની કામગીરી કરવાની છે. આમ, આ અંગે પ્રો.કૈલાશ એન્જીનિયરીંગ વર્કસ, સુવેજ પંપીગ રોડ, જિ.વડોદરાવાળા ના ભાવ રૂા.૨૧,૦૦૦/– (અંકે રૂપિયા એકવીસ હજાર પુરા)પ્રમાણેના ભાવ તથા ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૧૬
## તારીખ.૨૧–૦૨–૨૦૨૩

ખંભાત નગરપાલીકા વોટર વર્કસ વિભાગમાં મીઠા પાણીના સપ્લાય કનેવાલ તળાવ ઈનટેક વેલ થી નારેશ્વર વોટર વર્કસ પર આવે છે. જેમાં કનેવાલ ઈનટેક વેલ પર પંપીગ મશીનરી ચલાવવામાં જે ૯૦કિલો વોટ ડીજીટલ સોફટ સ્ટાટર હતુ તે ઈનપુટ સાઈડ સિંગલ ફેસીગ ફોલ્ટના કારણે બંધ થયેલ છે. જેના કારણે શહેરમાં મીઠા પાણીનો પુરવઠો નીયમીત સપ્લાય આપી શકાય માટે આ ૯૦કિલો વોટ ડીજીટલ સોફટ સ્ટાટર રીપેરીંગ માટે જાણકાર એજન્સીને રૂબરૂ બોલાવતા રીપેરીંગ કરાવવાનું હોઈ તથા પાણીની આવશયક સેવાના કારણે સોફટ સ્ટાટર રીપેરીંગ કરવાની કામગીરીના ભાવપત્રક મંગાવતા ત્રણ પાર્ટીઓના ભાવો આવેલા છે આ બાબતે ત્રણ ભાવ પત્રકો પૈકી વમન ઈલેકટ્રીકલસ એન્ડ મેનપાવર કુ.વાળાના ભાવ પ્રમાણે સૌથી ઓછા પ્રમાણે આવેલ છે.

| REPAIRING JOB WORK OF DIGITAL SOFT STARTER AT KANEWAL POND | | | | |
|---|---|---|---|---|
| Sr NO | PARTICULARS | UNIT. | RATE Rs. Per | Total Amount |
| 1 | Repairing Digital Soft Starter<br>FAULT:Single Phasing At Input Side<br>Replaced SCR Firing Section Comp | 1 job | 21300 | 21300 |
| | Total: | 21300 | | |
| | IGST@9% | 1197 | | |
| | IGST@9% | 1197 | | |
| | Sub Total: | 23694 | | |

ઉપરોકત ભાવો એજન્સી વમન ઈલેકટ્રીકલસ એન્ડ મેનપાવર કુ.વાળાના સૌથી ઓછા હોઈ મંજુર કરવામાં આવે છે તથા આ બાબતે ૯૦કિલો વોટ ડીજીટલ સોફટ સ્ટાટર ડીસમેન્ટલ કરી લોડીગ–અનલોડીંગ તથા ટેસ્ટીગ સાથે રીપેરીંગ કામગીરી વમન ઈલેકટ્રીકલસ એન્ડ મેનપાવર કુ.વાળાના એજન્સીને કરવા તથા તે અંગે જે ખર્ચ થાય તે કરવા મંજુર

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ